# અંધ પણ અંતરદ્દષ્ટિવાળો બર્તિમાય
## ફાધર વગીર્સ પૉલ

ભગવાન ઇસુ પોતાના શિષ્યો સાથે છેલ્લી વાર યરુશાલેમ જતા હતા. તેઓ યરીખોથી નીકળતાં રસ્તાની ધારે બેઠેલા એક અંધ માણસને મળ્યા. તે છે તિમાયનો દીકરો બર્તિમાય. ઇસુએ અંધ બર્તિમાયને ચમત્કારિક રીતે દેખતો કયોર્ અને તે ઇસુની પાછળ રસ્તે ચાલવા લાગ્યો.

પ્રભુ ઇસુએ પોતાના જાહેર જીવન દરમિયાન ઘણાને ચમત્કારિક રીતે સાજાં કર્યાં છે. લાંબી માંદગીના ભોગ બનેલાઓની માંદગી મટાડી છે. આંધળાઓને દ્દષ્ટિદાન કર્યું છે. પરંતુ ચારેય શુભસંદેશમાં ભાગ્યે જ ઇસુએ સાજાં કરેલા કોઇ માણસનું નામ જોવા મળે છે. પણ બર્તિમાયની બાબતમાં આપણને એમનું નામ માર્કના શુભસંદેશમાંથી મળે છે. એટલું જ નહિ પણ ઇસુ સાથેના એના મિલનને પ્રથમ ત્રણેય શુભસંદેશકારોએ ખૂબ ચિત્રાત્મક રીતે વર્ણવ્યું છે. યરીખોથી નીકળીને યરુશાલેમ જતાં ઇસુ અને તેમના શિષ્યો તથા અનુયાયીઓના કોલાહલથી બર્તિમાયને લાગ્યું કે રસ્તે જતા ટોળા રોજના ટોળાથી ભિન્ન છે.

ટોળા અંગે તપાસ કરતાં રસ્તાની ધારે બેઠેલા આંધળા બર્તિમાયને ખબર પડી કે ઇસુ અને એમના શિષ્યો તથા અનુયાયીઓનું મોટું ટોળું પસાર થઇ રહ્યું છે. ઇસુનું નામ સાંભળીને રસ્તાની ધારે બેઠેલો બર્તિમાય બૂમ પાડવા લાગ્યો, "ઓ દાવિદપુત્ર ઇસુ, મારા પર દયા કરો."

પ્રભુ ઇસુ પાસે "દાવિદપુત્ર ઇસુ, મારા પર દયા કરો"ની વિનંતી બર્તિમાય વિશે ઘણું કહી જાય છે. એક, બર્તિમાયે ઇસુ વિશે લોકો પાસેથી ઘણું બધું સાંભળ્યું હશે. ઇસુના સાડા ત્રણ વર્ષના જાહેર જીવનના લગભગ અંતે બર્તિમાય ઇસુને મળે છે. એટલે ઇસુના શિષ્યો વિશે, તેમનાં કાયોર્ અને સંદેશા વિશે, તેમના ચમત્કારો વિશે તથા કેટલીક બાબતોમાં યહૂદી ધર્મગુરુઓ તેમજ અન્ય આગેવાનો અને ઇસુ સામસામા આવવાના પ્રસંગો વિશે બર્તિમાયે ઘણું સાંભળ્યું હશે. બે, ઇસુ સાથેના ટોળાના લોકો ત્રણેય શુભસંદેશકારોએ નોંધ્યું છે તેમ બર્તિમાયને ધમકાવીને શાંત રહેવાનું કહે છે. પરંતુ બર્તિમાય તો ઊલટો વધારે જોરથી બૂમ પાડવા લાગ્યો, "ઓ દાવિદપુત્ર, મારા પર દયા કરો!" (માર્ક ૧૦, ૪૮).

ત્રણ, બર્તિમાય પોતાની અંતરદ્દષ્ટિથી ઇસુને ઓળખી કાઢે છે અને તેમને 'દાવિદના પુત્ર' કહીને બોલાવે છે. યહૂદી લોકોમાં 'દાવિદપુત્ર' એટલે મુકિતદાતા છે. યહૂદી લોકો સદીઓથી એ મુકિતદાતાની રાહ જોઇને બેઠા હતા. એટલે જ ચારેય શુભસંદેશોમાં પ્રભુ ઇસુ માટે 'દાવિદનો પુત્ર' કે 'દાવિદનો વંશજ' ઉલ્લેખ જોવા મળે છે. (માથ્થી ૨૨, ૪૫; માર્ક ૧૨, ૩૫; લૂક ૨૦, ૪૧ અને યોહાન ૭, ૪૫)

બર્તિમાય પ્રભુ ઇસુને 'દાવિદપુત્ર ઇસુ' કહીને બૂમ પાડે છે ત્યારે ટોળાના લોકો એ આંધળા માણસને ગણકારતા નથી, પણ ઇસુનો પ્રતિભાવ અને ઇસુએ એને આપેલા દ્દષ્ટિદાનનો પ્રસંગ ખાસ નોંધવા જેવો છે. તે આખો પ્રસંગ અહીં માર્કના શુભસંદેશમાંથી ઉતારું છું.

"ઇસુ ઊભા રહી ગયા અને બોલ્યા, 'એને બોલાવો'. અને લોકોએ તે આંધળા માણસને બોલાવીને કહ્યું, 'હિંમત રાખ, ઊભો થા; ઇસુ તને બોલાવે છે.'

"એટલે તે પોતાની ચાદર ફગાવી દઇને એકદમ ઊભો થઇ ગયો અને ઇસુ પાસે આવ્યો.

"ઇસુએ તેને કહ્યું, 'તારી શી ઇચ્છા છે? તારે માટે હું શું કરું?'

"પેલો આંધળો માણસ બોલ્યો, 'ગુરુજી, મને દેખતો કરો,' ઇસુએ તેને કહ્યું, 'જા, તારી શ્રદ્ધાએ તને ઉગારી લીધો છે.' અને તે જ ક્ષણે તે દેખતો થઇ ગયો અને ઇસુની પાછળ પાછળ રસ્તે ચાલવા લાગ્યો" (માર્ક ૧૦, ૪૯-૫૨).

માથ્થીએ અને લૂકે પણ બર્તિમાયને દૃષ્ટિદાન આપવાનો પ્રસંગ સવિસ્તાર નોંધ્યો છે. (માથ્થી ૨૦, ૨૯-૩૪; લૂક ૧૮, ૩૫-૪૩)

આ સમગ પ્રસંગમાં વિચિત્ર વાત એ છે કે આંધળા બર્તિમાય ઇસુને 'દાવિદનો પુત્ર' કહીને મુકિતદાતા તરીકે ઓળખે છે, ઘોષણા કરે છે. પરંતુ ઇસુને અનુસરતા ટોળાના દૃષ્ટિવાળા લોકોને ઇસુ અંગેની એવી ઓળખ નથી! એટલે જ ટોળાના "ઘણાં માણસોએ તેને ધમકાવીને શાંત રહેવા કહ્યું."

બર્તિમાય ઇસુને દાવિદના પુત્ર તરીકે ઓળખે છે. એટલું જ નહિ એને ઇસુ પાસેથી શું જોઇએ છે એનો સ્પષ્ટ ખ્યાલ છે. એટલે તે ઇસુને શ્રદ્ધાથી કહે છે, "ગુરુજી, મને દેખતો કરો."

પ્રભુ ઇસુએ તરત જ એની શ્રદ્ધાની કદર કરીને એને કહ્યું, "જા, તારી શ્રદ્ધાએ તને ઉગારી લીધો છે. અને તે જ ક્ષણે તે દેખતો થઇ ગયો અને ઇસુની પાછળ પાછળ રસ્તે ચાલવા લાગ્યો."